# લોન્સન કીરી કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ લિ.

## ગુણવત્તા, આરોગ્ય, સલામતી અને પર્યાવરણ નીતિ

**અમારું વિઝન** અમારા ગ્રાહકો અને હિતધારકોને અમારા ઉત્કૃષ્ટ વિકાસ માર્ગ દ્વારા, કાળજી અને દોષરહિત સેવાઓ અને નવીન ઉકેલો સાથે ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટની વિશાળ શ્રેણી પ્રદાન કરીને અને કર્મચારીઓ, ઠેકેદારો, રસ ધરાવતા પક્ષો અને તેમના કામદારો અને અન્ય લોકોની આરોગ્ય, સલામતી અને પર્યાવરણ માટેની અમારી જવાબદારીઓ દ્વારા સંચાલિત કરીને તેમજ આગ, ઝેરી ગેસના લીકેજ અને વિસ્ફોટના જોખમો સામે રક્ષણ આપીએ છીએ.

**અમારો ઉદ્દેશ** અને કાર્યપધ્ધતિ અમારા વિઝન ને સમર્પિત છે. અમે લોન્સેન કીરી કેમિકલ ઇન્ડ. લીમીટેડ, ખાતે ગુણવત્તા, આરોગ્ય, સલામતી અને પર્યાવરણના ધોરણોને સતત સુધારવા માટે નેતૃત્વ અને પ્રતિબદ્ધ પ્રયત્નો પ્રદાન કરીએ છીએ જે અમે હાલમાં અમલ કરી રહ્યા છીએ.

ગુણવત્તા, આરોગ્ય, સલામતિ અને પર્યાવરણ વિઝન અને મિશન હાંસલ કરવા માટે, અમે ગુણવત્તા, આરોગ્ય, સલામતી અને પર્યાવરણ સંબંધિત તમામ કાયદાઓ, નિયમો અને અન્ય જરૂરિયાતોનું પાલન કરતા નીચેના ઉદ્દેશ્યો અને લક્ષ્યો નક્કી કર્યા છે.

- બજારના પડકારોને સ્વીકારવા અને તેને દૂર કરવા માટે વર્તમાન અને નવી વ્યવસાયિક તકો માટે સતત સુધારણા અને નવીનતાની પ્રક્રિયા.
- પ્રદૂષણની રોકથામ માટે તમામ વ્યવસાયિક પ્રક્રિયાઓમાં સર્વોચ્ચ મહત્વ પ્રદાન કરવું કે જે ઊર્જા તેમજ કુદરતી સંસાધનોના અસરકારક ઉપયોગ દ્વારા સતત ધોરણે માનવીય સ્વાસ્થ્ય, સલામતી અને પર્યાવરણ માટેના જોખમોને ઘટાડવા.
- કંપનીમાં એવી સંસ્કૃતિનું નિર્માણ કરવું કે જેથી અમારા પરિસરમાં તમામ કર્મચારીઓ, કોન્ટ્રાક્ટરો-તેમના કામદારો, ટ્રાન્સપોર્ટર્સ અને અન્ય એજન્સીઓ સહિત દરેક વ્યક્તિ તાલીમ/પુનઃપ્રશિક્ષણના કાર્યક્રમો સહિત ગુણવત્તા, આરોગ્ય, સલામતિ અને પર્યાવરણ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લે અને તેઓની ગુણવત્તા, આરોગ્ય, સલામતિ અને પર્યાવરણ ને લાગતી જવાબદારીઓ પ્રત્યે જવાબદાર બને.
- તમામ સ્તરના કર્મચારીઓનું વ્યક્તિગત QHSE સંબંધિત કાર્ય પ્રદર્શન તેમની કારકિર્દીની પ્રગતિ માટે એક મુખ્ય પરિબળ તરીકે ધ્યાનમાં લેવાશે.
- અમે અમારા વાર્ષિક અહેવાલમાં ગુણવત્તા, આરોગ્ય, સલામતી અને પર્યાવરણની કંપનીની કામગીરીનો હિસાબ પ્રદાન કરીશું.
- ગુણવત્તા, આરોગ્ય, સલામતિ અને પર્યાવરણ સંબંધિત તમામ અનુરૂપ અને નવીન તકનીકોનો સમાવેશ અને અમલ ઉત્તરોત્તર પ્રગતિના ધોરણે કરીશું.

આ નીતિની પુન: સમીક્ષા ત્રણ વર્ષ પછી કરવામાં આવશે અથવા જો વહેલી જરૂર પડે તો અને આ નીતિ જાહેર તથા અન્ય રસ ધરાવતા પક્ષોને ઉપલબ્ધ કરવામાં આવશે.

રીવીઝન નંબર: ૦૦

**મનીષ પી. કીરી**

મેનેજીંગ ડાયરેક્ટર

સ્થળ: દુધવાડા, વડોદરા

તારીખ: 01/07/2022